# ...ને તમે યાદ આવ્યાં...

## –કલ્પના દેસાઈ

આજથી બરાબર ૨૫ વર્ષ પહેલાં, આ જ દીવસે આપણે પહેલી વાર મળ્યાં હતાં, યાદ છે?

મારી ઉપર બધાંની પસંદગીની મહોર લાગી ગઈ હતી; પણ જ્યાં સુધી તમે મને મન ભરીને જુઓ નહીં ને પસંદ કરો નહીં, ત્યાં સુધી આપણા સમ્બન્ધ પર મંજુરીની મહોર ક્યાંથી લાગવાની હતી? બધા સાથે તો હું ઘણી સ્વસ્થ રહી શકી; પણ તમારી સમક્ષ હાજર થવાની ઘડી આવી પહોંચી કે મારા પગ પાણી પાણી થવા માંડ્યા. હૃદયની ધડકન ડબલ ફાસ્ટ ટ્રેન બની ગઈ એવું લાગ્યું. આંખોની આગળ અંધારાં આવું આવું કરવા માંડ્યાં. ('મને અંધારાં–અજવાળાં બોલાવે' જેવું થવા માંડ્યું). કાનમાં તમારા નામની ધાક પડી ગઈ. વીચારો થંભી ગયા. જીભ અંદર બહાર જવાને બદલે તાળવે ચોંટી ગઈ. બસ–આ જ એ ઘડી હતી કે જેનો તમને ઈન્તેજાર હતો.

ખબર નહીં કોણે તે ઘડીએ મને સહારો આપીને તમારી સમક્ષ હાજર કરી દીધી. મેં તો નજરો ઢાળેલી રાખીને પગના અંગુઠાથી લીંપણ ઉખેડવાની કોશીશ કરવા માંડી કે, તમે (જાણી જોઈને) કરડા અવાજે બોલ્યા, 'રે'વા દે, હજી કાલે જ લીંપાવ્યું છે.' મેં ગભરાઈને પગ સીધો કરી લીધો. લીંપણની ડીઝાઈન પર અમસ્તી નજર ફેરવતી રહી. 'અહીં પાસે આવ' કહી તમે મને તમારી નજીક બોલાવી. મને લાગ્યું કે હું બેભાન જ થઈ જઈશ. પણ તમે કેવો સવાલ પુછ્યો? 'રસોઈ આવડે છે?' આવો સવાલ પુછવા નજીક બોલાવી?

જો કે, આ જ પ્રશ્નની મને બીક હતી. મા કેટલા સમયથી કહેવા માંડેલી : 'દીકરીની જાત છે, રસોઈ શીખી લે. એ શું આખો દીવસ ચોપડા ને ચોપડા! સાસરામાં બધાં મશ્કરી કરશે ત્યારે મા યાદ આવશે.' ખરેખર, તમારા પ્રશ્ન પર મને 'મા...મા...' કહી ભેંકડો તાણવાનું મન થઈ આવેલું. ધર્મસંકટ આવી પડ્યું! સાચું બોલું કે જુઠું? રાજા હરીશ્ચન્દ્ર અને ગાંધીજીના સત્યના પ્રયોગો યાદ આવી ગયા. સાચું બોલું તો ઈજ્જત જાય અને જુઠું બોલું તો? 'ચાલો, રસોડામાંથી બધા બહાર

નીકળો. આજની રસોઈ આજના મુખ્ય મહેમાન બનાવશે.' આવો ઓર્ડર જો છુટે તો તો મારી ઈજ્જતનો ફાલુદો(કે કચરો) જ થઈ જાય ને! મેં કહી દીધું, 'આવડે છે પણ તમારા જેવી નહીં.'

આવા સમયે વહેવારડાહ્યાઓ કે ડાહીઓ હાજર જ હોય. તરત જ મધ ટપકેલું, 'કંઈ નહીં, એમાં શું? અમે પણ થોડાં કંઈ શીખીને આવેલાં? ને કમુબહેન છે પછી જોવાનું શું? તું તો આમ થોડા દીવસોમાં ઘડાઈ જશે જોજે ને.' એ સાંભળીને તમારું બોખું મોં મરક મરક થઈ રહેલું.

બસ. ત્યાર પછી આપણો સાથ પાંચ વર્ષોનો રહ્યો પણ પછીનાં લાં...બાં વીસ વર્ષો વીતી જવા છતાંય આજે પણ તમે મને દરેક વાર તહેવારે ને પ્રસંગે અચુક યાદ આવો જ છો. શું આપણો સંબંધ એવો જ હોતો હશે? યાદ છે? મને પાપડ શીખવવા, ખાસ તમે વગર સીઝને પણ પાપડનો લોટ બંધાવેલો?

'પાપડ લીલા જોયા ને તમે યાદ આવ્યાં,
જાણે સીઝનના પહેલા પાપડ વણ્યા હો માત!'

સવારના પહોરમાં એ છ વાગ્યાનું બધાનું ઉઠી જવું અને આખા ઘરમાં લગ્નપ્રસંગ જેવી ધમાલ મચાવવી. 'આજે પાપડ કરવાના છે'ની ધમકી હેઠળ પુરુષવર્ગને બહાર ધકેલી, સ્ત્રીવર્ગે યુદ્ધના ધોરણે વાડામાં મોરચો માંડવો. ખરું કહું તો, મને તો આ બધું બહુ જ વીચીત્ર લાગતું હતું. આ લોકો વેચાતા પાપડ લઈ લે તો શું થાય? આ બધી ધમાલ કરીને, કચકચ કરીને, ઘરનાંનાં મન દુભવીને અને બાળકોને રડાવીને પાપડ કરવાનો શો અર્થ? પણ નવી વહુએ જીભને વશમાં રાખવાની હોય અને હાથપગની કમાલ (કામ કરીને) બતાવવાની હોય! સારું હતું કે, રોટલી વણતાં આવડતી હતી. આજુબાજુ પાપડ વણતી સ્ત્રીઓની કૉપી તો મેં કરી લીધી; પણ તમે તો વહુને ટ્રેઈન કરવાની હોંશમાં ને હોંશમાં મારા હોશ ઉડાડી દીધા. સાંજ પડી ગઈ, આજુબાજુની સ્ત્રીઓ બહાનાં કાઢીને છટકી ગઈ તોય, એક કીલો લોટ બીજો બાંધી દીધો! મારા તો મોતીયા જ મરી ગયા. રાત્રે સપનામાં પણ પાપડનો લોટ, પાટલા, વેલણ, ડબ્બા ને તમારી સતત ચાલેલી પાપડ કોમેન્ટ્રી જ છવાયેલી રહી. સવારે બે ચાર વાર તો 'ચા મુકું?'ને બદલે 'પાપડ મુકું?' જ બોલાઈ ગયેલું!

બીજે દીવસે તો, આગલા દીવસને એક ભયાનક સપનું સમજીને ભુલવા બહુ કોશીશો કરેલી; પણ આજ સુધી પાપડ દર્શને જ, મને એ પહેલી સીઝનના પહેલા પાપડ યાદ આવી જ જાય, ને સાથે મનમાં ગવાઈ પણ જાય,

'પાપડ વણું તો થાકી થાકી જાઉં ને
પાપડ સુકવું તો ઉડી ઉડી જાય....'

કવી કલાપીએ કદાચ વર્ષો પહેલાં પોતાની સાસુ માટે જ(૧૦૦%) અથવા તો સ્ત્રીહૃદયની વેદના વ્યક્ત કરવા માટે જ આ પંક્તીઓ રચી હશે. 'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી છે આપની.' એક નજર ફરે ત્યાં એકલી એક જ યાદ નથી હોતી, આખી ને આખી યાદી (લીસ્ટ) જ હોય છે! દરેક વસ્તુ, જગ્યા કે જણ સાથે કોઈ ને કોઈ યાદગાર પ્રસંગ તો સંકળાયેલો જ હોય.

ગેસનો ચુલો શબ્દ સાંભળું કે, (તમે) મને પહેલી વાર ચુલે ચડાવેલી તે(તપેલી) અચુક યાદ આવી જ જાય. ફુંકણી લઈને ચુલામાં ફુંક મારવાને બદલે મેં બહારની રાખ પર ફુંક મારેલી અને બધે રાખ રાખ થઈ ગયેલું, યાદ છે? સારું કે, હજી રસોઈ બની નહોતી નહીં તો, તમે તો ડાયલૉગ જ મારતે ને કે, 'મેરી સારી મેહનત ખાકમેં મીલા દી.'

આજે તો પરીસ્થીતી ઘણી જ બદલાઈ ગઈ છે. વર્ષો સુધી વહુ 'સાસુ' નામના કાલ્પનીક પ્રાણીથી ગભરાતી. કદાચ એટલે જ તમે મારી સામે ચશ્માંમાંથી જોતાં, ત્યારે મને ડરાવતાં હો એવું જ લાગતું. આજેય તમારા ફોટા સામે પણ નજર કરવાની મારી હીંમત નથી ચાલતી! તમારી યાદને કારણે, તમારી હાજરી આટલે વર્ષેય ઘરમાં સતત અનુભવું છું! મેં તમને ક્યાં કહ્યું હતું કે :

'જાવ છો તો જાવ, ભલે દુર તમે જાજો,
બીજું કશું નહીં; બસ, યાદ તમારી મુકતાં જાજો.'

(સપ્ટેમ્બર–૨૦૦૪ના ‘અખંડ આનંદ’માંથી.. લેખીકાની સમ્મતીથી સાભાર..)

લેખીકાસમ્પર્ક :

કલ્પના દેસાઈ,

‘ગુલમહોર’, ઉચ્છલ–394375, જીલ્લે–તાપી

ફોન–(02628) 231 123 Mobile–99094 28199 eMail-kalpanadesai.in@gmail.com

facebook: https://www.facebook.com/profile.php?id=100004182468751

સાહીત્ય સર્જન :

પુસ્તકો :

** ‘લપ્પન–છપ્પન’, હાસ્યનીબંધો, પ્રથમ આવૃત્તી–2006

** ‘હાસ્યાત્ સદા મંગલમ્’, હાસ્યલેખો. પ્રથમ આવૃત્તી–2010

** ‘ચાલતાં ચાલતાં સીંગાપોર’, હાસ્યમીશ્રીત પ્રવાસનીબંધો, પ્રથમ આવૃત્તી–2010, બીજી આવૃત્તી–2012

** ‘PUNCH ત્યાં પરમેશ્વર’, હાસ્યલેખો. પ્રથમ આવૃત્તી–2013

** ‘પંદરમું રતન’. હાસ્યલેખો, પ્રથમ આવૃત્તી–2015

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: તેરમું – અંક: 389 –December 10, 2017

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@@@@@